# કૃષિ પ્રાયોગિક કેન્દ્ર

## ન.કૃ.યુ., પરિયા, તા.પારડી, જી.વલસાડ

# :: સાગના ઉભા ઝાડોની જાહેર હરાજી ::

આથી લાકડાના વેપારી/ઈજારદારોને જણાવવામાં આવે છે કે, કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, ન.કૃ.યુ., પરીયા ખાતે આવેલ સાગ (Teak) ના ૭૪ નંગ ઉભા ઝાડ જમીન સપાટીથી કાપીને લઈ જવાનો ઈજારો આપવાનો છે. રસ ધરાવતા ઈસમોએ કેન્દ્ર ખાતે રૂા.૧૦૦૦ (એક હજાર પુરા) રોકડા ભરીને ટેન્ડર ફોર્મ મેળવવાના રહેશે. પોતાના ભાવ ભરેલા અને સહી કરેલા ટેન્ડર ફોર્મ સાથે ડીપોઝીટ પેટે રૂા. ૨૦,૦૦૦/- (વીસ હજાર પુરા) રોકડેથી જમા કરવાના રહેશે અથવા "Research Scientist (Horti.), A.E.S., N.A.U., Paria" ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ જોડવાનો રહેશે જેને સીલબંધ કવરમાં તા.૧૦/૦૪/૨૦૨૩ ના ઓફિસ કલાક સુધીમાં ઉપર મુજબના સરનામે રૂબરૂ, ટપાલ કે કુરીયરથી પહોંચતા કરવાના રહેશે. ડીપોઝીટ વગરના ભાવપત્રકો માન્ય રાખવામાં આવશે નહી. આવેલ ભાવપત્રકો તા.૧૧/૦૪/૨૦૨૩ ના રોજ બપોરે ૨:૦૦ કલાકે કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, ન.કૃ.યુ., પરીયા ખાતે કમિટી દ્વારા ઈજારદારોની હાજરીમાં ખોલવામાં આવશે. હરાજીની શરતો અત્રેની કચેરીએથી અથવા નવસારી કૃષિ યુનિવર્સીટીની વેબસાઈટ www.nau.in પરથી જોવા મળશે.

નં. માહિતી/વલસાડ/૭૬૯/૨૩ સંશોધન વૈજ્ઞાનિક (બાગાયત)

## -:: સાગના ઝાડોની હરાજીની શરતો ::-

૧. કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, ન.કૃ.યુ., પરીયા ખાતે ફાર્મની બાઉન્ડ્રી પરના સાગ (Teak) ના ૭૪ નંગ ઉભા ઝાડની જાહેર હરાજી કરવાની છે. આ માટેનું ટેન્ડર ફોર્મ કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, ન.કૃ.યુ., પરીયા ખાતેથી જાહેર રજાના દિવસો સિવાય કચેરી સમય (૮:૦૦ થી ૧૨:૦૦ અને ૨:૦૦ થી ૫:૦૦) દરમ્યાન ફોર્મ દીઠ રૂ.1000/- રોકડા ભરીને મેળવવાનું રહેશે. અત્રેની કચેરી ખાતેથી રૂ.1000/- રોકડા ભરીને મેળવેલ ટેન્ડર ફોર્મ જ માન્ય ગણાશે. સાગના ઝાડ નં. ૧૪, ૨૮ અને ૭૪ હરાજીમાં સામેલ નથી.

૨. ટેન્ડર ફોર્મ સાથે અનામત (ડીપોઝીટ) પેટે રૂ.૨૦,૦૦૦/– રોકડેથી અથવા ડીમાન્ડ ડ્રાફટ "Research Scientist (Horticulture), A.E.S., N.A.U., Paria" ના નામનો કઢાવીને ટેન્ડર ફોર્મ સાથે જોડવાનો રહેશે. જે ઇસમે ડીપોઝીટની રકમ રોકડેથી ભરેલ હશે અથવા ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ટેન્ડર ફોર્મ સાથે જોડેલ હશે તે જ ટેન્ડર માન્ય ગણવામાં આવશે. જે ઈસમનું ટેન્ડર સ્વીકારવામાં કે મંજૂર કરવામાં આવે તેઓની અનામતની રકમ માલ ઉપાડવાની કામગીરી પુરી થયા બાદ પરત કરવામાં આવશે, જયારે બાકીના ટેન્ડર ભરનાર ઈજારદારની અનામત રકમ તુરંત પરત કરવામાં આવશે. સંજોગવશાત ચુકવણું કરવામાં મોડું થાય તો ઈજારદાર દ્વારા વ્યાજનો કલેઈમ કરી શકાશે નહી.

૩. ટેન્ડર ફોર્મ કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, ન.કૃ.યુ., પરીયા ખાતેથી તા.10/04/2023 સુધીમાં મેળવવાનું રહેશે. ટેન્ડર ફોર્મ ભરીને બંધ કવરમાં રૂબરૂ/પોસ્ટ/કુરીયરથી અત્રેની કચેરીને તા.10/04/2023 સુધીમાં પહોંચાડવાનું રહેશે. તા.10/04/2023 બાદ આવેલ ટેન્ડર ફોર્મ ધરાવતા કવર માન્ય રહેશે નહી / સ્વીકારવામાં આવશે નહી. ટેન્ડર ફોર્મ ધરાવતા કવર ઉપર "સાગ માટેનું ભાવપત્રક" એમ સ્પષ્ટ લખવું. ટેન્ડર ફોર્મ બંધ કવરમાં પોસ્ટ કે કુરીયરથી મોકલવાનું સરનામું:

**સંશોધન વૈજ્ઞાનિક (બાગાયત), કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, ન.કૃ.યુ., પરીયા, તા. પારડી, જિ. વલસાડ - ૩૯૬૧૪૫.**

૪. ટેન્ડર ફોર્મ કમીટીની હાજરીમાં તા.11/04/2023 ના રોજ બપોરે ૨:૦૦ કલાકે કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, ન.કૃ.યુ., પરીયા ખાતે ખોલવામાં આવશે. આ સમયે ટેન્ડર ફોર્મ ભરનાર દરેક વ્યકિતએ હાજર રહેવાનું રહેશે. જો ટેન્ડર ફોર્મ ભરનાર વ્યકિત આ સમયે હાજર નહી હોય તો તેનું ટેન્ડર ફોર્મ ખોલવામાં આવશે નહિ પરંતુ અન્ય ટેન્ડર ફોર્મ ખોલવાની, હરાજીની વગેરે કામગીરી કરવામાં આવશે.

૫. ભાવપત્રકો ખોલવાની નિર્ધારિત તારીખ અને સમયે ટેન્ડર ફોર્મ ખોલ્યા બાદ કમીટીને જરૂર લાગશે તો તે જ તારીખ અને સમયે જાહેર હરાજીથી સદરહું વૃક્ષોની બોલી બોલવાની કાર્યવાહી કરવામાં આવશે, જે અંગે કોઈ ઈસમનો વાંધો ગ્રાહય રાખવામાં આવશે નહી. હરાજી દરમ્યાન જે બોલી બોલવામાં આવશે તે બોલી સ્વીકારવી કે ન સ્વીકારવી તે બાબતની સત્તા કમીટીની રહેશે. આમ છતાં કોઈ વિવાદ ઉભો થાય તો તેનો આખરી નિર્ણય નીચે સહી કરનાર આપે તે છેવટનો ગણાશે અને બધાને બંધનકર્તા રહેશે.

૬. હરાજીમાં ભાગ લેનાર દરેક ઇસમે હરાજીની શરતો બંધનકર્તા છે એ અંગેનું બાંહેધરીપત્રક સહી કરી આપવાનું રહેશે. સહી ન કરનાર ઈસમોને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહી અને બોલી સ્વીકારવામાં આવશે નહી.

૭. ન્યાયની અદાલતમાં સજા પામેલા, નૈતિક અધઃપતનના ગુન્હા સબંધમાં સજા પામેલા, બ્લેક લીસ્ટની યાદીમાં સમાવેશ થયેલા, નાદારી નોંધાયેલ કે નાદાર જાહેર થયેલ અને ૧૮ વર્ષથી ઓછી ઉંમરના ઈસમને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહી. આમ છતાં આવી જાણ હરાજીના સમય દરમ્યાન કે હરાજી બાદ કમીટીના કે નીચે સહી કરનારના ધ્યાનમાં આવશે તો તેવા ઈસમોની માંગણી રદ કરવામાં આવશે અને ઈસમની ડીપોઝીટની રકમ જપ્ત કરી નવસારી કૃષિ યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવશે.

૮. હરાજીમાં ભાગ લેનાર દરેક ઈસમ કે ઈજારદારે જાતે માલ જોઈ તપાસી માલની ખાત્રી કરીને ભાવ ભરવાના રહેશે કે બોલી બોલવાની રહેશે. હરાજી મંજુર થયા પછી માલની જાત કે માલના કમીપણા બદલની કોઈપણ તકરાર સાંભળવામાં આવશે નહી.

૯. હરાજી બાદ તુરંત જ જેમનું ટેન્ડર સ્વીકારવામાં આવે તેમણે (ઈજારદારે) હરાજીની કુલ રકમના ૨૫ ટકા નાણાં તે જ દિવસે ભરવાના રહેશે. બાકીની ૭૫ ટકા રકમ હરાજીની તારીખથી દિન-૧૫ માં અથવા માલ ઉપાડતા પહેલા, બે માંથી જે તારીખ વહેલી હશે તે તારીખે ભરવાના રહેશે.

૧૦. અનિવાર્ય સંજોગોમાં હરાજી રાખનાર ઈજારદાર ઉપર જણાવેલ મુદત દરમ્યાન માલના નાણાં ભરપાઈ કરી શકશે નહી તો ૧૫ દિવસમાં બે વાર માલ ઉપાડવા માટે નોટીશ અપાશે જો ઈજારદાર આ ૧૫ દિવસમાં નાણાં ભરપાઈ કરવામાં નિષ્ફળ જશે તો આ માલની હરાજી નીચે સહી કરનાર તેની સત્તાની રૂએ ફરીથી કરાવશે, જે અંગે ઈજારદારનો હક્ક રહેશે નહી.

૧૧. હરાજી થયા બાદ સાગના ઉભા ઝાડ કાપીને લઈ જવાની મુદત હરાજી થયાની તારીખથી ૨ માસ (બે મહિના) રહેશે. આ સમયબાદ મુદત લંબાવી આપવામાં આવશે નહી.

૧૨. હરાજીમાં સમાવેશ કરેલ ઝાડ, હરાજી રાખનાર ઈજારદારે જાતે પોતાના ખર્ચે જમીન લેવલથી કાપી લઈ જવાના રહેશે. હરાજી રાખનાર ઈજારદાર નિશાની / માર્કીંગ કરેલા ઝાડ સિવાય બીજા કોઈ પણ ઝાડ કાપી શકશે નહી.

૧૩. હરાજીમાં સમાવેશ કરેલ ઝાડ જે તે સ્થળેથી ઉપાડવાના રહેશે અને ફાર્મ મેનેજર પાસેથી ગેટ પાસ મેળવી ફાર્મના મુખ્ય દરવાજેથી ગેટ પાસ બતાવી નિયત કરેલ રસ્તા પરથી કચેરી સમય દરમ્યાન માલ લઈ જવાનો રહેશે. ગેટ પાસ સિવાય વાહન બહાર નીકળવા દેવામાં આવશે નહી. ગેટ પાસ વગર વાહન બહાર કાઢતા જણાશે તો આ માટે ઈજારદાર ગુનેગાર ગણાશે અને દંડને પાત્ર થશે. આવો દંડ નીચે સહી કરનાર નક્કી કરે તે ભરવાનો રહેશે.

૧૪. ઈજારદારે પોતે રાખેલ કામદારોના નામ અને સરનામા કચેરીને આપવાના રહેશે.

૧૫. ઈજારો રાખનાર વ્યકિત દ્વારા ફાર્મ ઉપર રાખવામાં આવેલ મજૂરો દ્વારા લડાઈ–ઝઘડા, કોઈ અનિચ્છનીય બનાવ બને કે કોઈ અકસ્માત બને તેની સંપૂર્ણ જવાબદારી ઈજારા રાખનાર વ્યકિતની રહેશે.

૧૬. ઈજારદારે સ્થળ પર કામ કરતા મજુરો માટેની તમામ સવલતો જેવી કે પીવા માટે સ્વચ્છ પાણી, તબીબી સારવાર વિગેરે તેના ખર્ચે પુરી પાડવાની રહેશે. અકસ્માત વીમો તેમજ કામગીરીને કારણે નુકશાન થાય તે માટેની સઘળી કાયદાકીય વ્યવસ્થા ઈજારદારે કરવાની રહેશે.

૧૭. હરાજી રાખનાર ઈજારદાર કે તેના રાખેલ માણસો મારફત ઝાડની કાપણી દરમ્યાન કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, પરિયાની સ્થાવર કે જંગમ મિલકતને, હરાજીમાં સમાવેશ કરેલ ઝાડ સિવાયના ઝાડને, આંબા કે ચીકુના ઝાડોને તેમજ ઉભા પાકને નુકશાન થશે તો તેની જવાબદારી ઈજારદારની રહેશે અને નુકશાનીની રકમ ભરપાઈ કર્યા સિવાય માલ ઉપાડવા દેવામાં આવશે નહી.

૧૮. હરાજીમાં રાખેલ ઝાડોને કાપતી વખતે આજુબાજુથી પસાર થતી ઈલેકટ્રીક, ઈન્ટરનેટ કેબલ કે ટેલીફોન લાઈનને નુકશાન ન થાય તે રીતે કાપવાના રહેશે. આમ છતાં જો નુકશાની થશે તો તેની સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે અને નુકશાની ભરપાઈ થાય બાદજ માલ ઉપાડવા દેવામાં આવશે. ઈલેકટ્રીકલ લાઈન છોડાવવા તથા બંધ કરાવવાની જવાબદારી ઈજારદારની રહેશે.

૧૯. હરાજીમાં રાખેલ માલની સંપૂર્ણ જવાબદારી હરાજી માન્ય થયાની તારીખથી ઈજારદારની રહેશે. હરાજીમાં રાખેલ માલની ચોરી, નાશ કે ગુમ થયા બદલ અથવા કુદરતી આફત, આગ કે અન્ય હોનારતોને કારણે જે નુકશાન થાય તેની જવાબદારી આ સંસ્થાની રહેશે નહિ. આ માટે ઈજારદાર પોતે જવાબદાર રહેશે.

૨૦. હરાજી રાખનાર ઈસમ કે ઈજારદાર કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, ન.કૃ.યુ., પરીયાની હદમાં માલને બીજા ઈસમના નામે ટ્રાન્સફર કરી શકશે નહી કે તેનો સબકોન્ટ્રાકટ આપી શકશે નહી.

૨૧. રાજ્ય સરકારશ્રીના ધારાધોરણ અનુસાર સેલ્સટેક્ષ કે અન્ય સ્થાનિક વેરા અને ઝાડ કાપીને લઇ જવા અંગેના વેરાઓ અને કાયદા-કાનુનો અનુસાર વર્તવાની જવાબદારી ઈજારદારની રહેશે. આ અંગે સંસ્થા જવાબદાર રહેશે નહી. પરંતુ ઈજારદારે આવા કલીયરન્સ સર્ટીફિકેટ બતાવવાના રહેશે.

૨૨. હરાજી રાખનાર ઈસમ કે ઈજારદારે સાગના ઝાડ કાપવા માટે અને તેને ફાર્મની બહાર વહન કરી લઇ જવા માટે ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ તેમજ અન્ય સરકારી વિભાગમાંથી જે પણ મંજૂરી લેવાની હોય કે પ્રક્રિયા કરવાની જરૂરી હોય તે તેણે જાતે સ્વખર્ચે કરવાની રહેશે.

૨૩. હરાજી રાખનાર ઈસમોએ તેઓનું હાલ તેમજ કાયમી રહેઠાણનું સરનામું તથા તેના પુરાવા તેમજ ફોન નંબર આપવાનો રહેશે અને ટપાલ પરત આવશે તો તેમને અત્રેથી મોકલેલ સુચનાઓ મળી ગયેલ છે, તે માન્ય/ગ્રાહ્ય રાખેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

૨૪. ડીપોઝીટ નીચે મુજબના કારણોસર જપ્ત કરવામાં આવશે અને ટેન્ડર ફોર્મના નાણાં પરત મળશે નહી.

(અ.) ભાવ / બોલી આપ્યા પછીથી ભાવ / બોલી પાછી ખેંચશે તો.

(બ.) ટેન્ડર શરતો અને નિયમો મુજબ અમલ નહીં કરી શકે તો.

(ક.) ઓર્ડરની પુરેપુરી કે અંશતઃ કામગીરી ન કરી શકે તો.

૨૫. નોવેલ કોરોના વાયરસ (કોવિડ –૧૯) ની મહામારીના કારણે સરકારશ્રીની ગાઈડલાઈનનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૨૬. ઉપરોકત શરતોના અર્થ અને અમલ અંગે કોઈકવાર વિવાદ ઉપસ્થિત થાય તો આ અંગે કમિટીનો નિર્ણય કે ચુકાદો આખરી અને છેવટનો ગણાશે. આ ચુકાદો ઈજારદારને બંધનકર્તા રહેશે. શરતી ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહી.

૨૭. હરાજીની બધી શરતોને મેં સંપુર્ણ સ્વસ્થતા અને સભાનતાપૂર્વક વાંચી છે, તેમજ મને વાંચી સંભળાવેલ છે. આ બધી શરતો મને માન્ય છે અને તેનો ચુસ્તપણે અમલ કરવા બંધાયેલ છું, જે માટે મારી સહી કરી સંમતિ દર્શાવેલ છે.

૨૮. જાહેર હરાજીની શરતો નવસારી કૃષિ યુનિવર્સીટીની વેબસાઈટ www.nau.in પરથી પણ જાણવા મળશે.

સ્થળ: કૃ.પ્રા.કે., પરીયા

તા.

સંશોધન વૈજ્ઞાનિક (બાગાયત)
કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, ન.કૃ.યુ., પરીયા
તા. પારડી, જિ. વલસાડ

ઉપરોક્ત બધી શરતો મને કબુલ મંજુર છે.

| | |
|---|---|
| ટેન્ડર ભરનારની સહી | |
| ટેન્ડર ભરનારનું નામ | |
| મોબાઈલ નંબર | |

મંજુર

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી